1 ભારતરત્ન પ્રોફેસર ................... ને એનર્જી ફ્રન્ટિયર એવોર્ડ 2020 પ્રાપ્ત થયો છે.
(A) વેંકટેશ સ્વામી ઐયર
(B) ચિંતામણી નાગેસ રામચંદ્ર રાવ
(C) આશુતોષ રાવલ
(D) નાનાજી અમૃતરાવ દેશમુખ

2 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) ડાબી બાજુ વળવું
(B) જમણી બાજુ ચીપિયા જેવો વળાંક છે
(C) જમણી બાજુ સર્કલ છે
(D) જમણી બાજુ ચઢાણ અને ઢાળ છે

3 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) આ પૈકી એક પણ નહીં
(B) સાઈકલ માટે પ્રવેશ બંધ છે
(C) સાઈકલ ક્રોસિંગ
(D) સાઈકલ ક્રોસિંગની મનાઈ છે

4 ગુજરાત રાજ્ય તેની સ્થાપના અગાઉ ક્યા રાજ્ય સાથે જોડાયેલું હતું ?
(A) મહારાષ્ટ્ર
(B) ઉત્તર પ્રદેશ
(C) મધ્ય પ્રદેશ
(D) રાજસ્થાન

5 જો '–' એટલે '÷', '+' એટલે '×', '÷' એટલે '–' અને '×' એટલે '+' તો $18 - 3 + 2 \times 8 \div 6 =$ ______
(A) 16
(B) 31
(C) 18
(D) 14

6 સોમનાથ-પાટણ પાસે ત્રિવેણી સંગમની નદીઓમાં કોનો સમાવેશ થતો નથી ?
(A) હીરણ
(B) માનસી
(C) કપિલા
(D) સરસ્વતી

7 વાયુ પ્રદૂષણને ઘટાડવા અને પર્યાવરણ જળવાઈ રહે તેવા હેતુસર ગુજરાતમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ કઈ પોલિસી જાહેર કરી છે ?
(A) રોડ વ્હિકલ પોલિસી-2021
(B) ગુજરાત રાજ્ય વ્હિકલ પોલિસી-2021
(C) મોટર વ્હિકલ પોલિસી-2021
(D) ઇલેક્ટ્રિક વ્હિકલ પોલિસી-2021



Scanned with CamScanner

8 શ્રેણીમાં કયું પદ ખોટું છે તે જણાવો : 5, 8, 14, 26, 52, 98

(A) આ પૈકી એક પણ નહીં
(B) 98
(C) 26
(D) 14

9 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) આગળ પોસ્ટ-ઓફિસ છે
(B) આગળ વજનકાંટો છે
(C) રેલવે ક્રોસિંગ છે
(D) આગળ બેરિયર છે

10 કયું જોડકું ખોટું છે ?

(A) બ્રાયન લારા - ન્યૂઝીલેન્ડ
(B) શેન વૉર્ન - ઓસ્ટ્રેલિયા
(C) બોરિસ બેકર - જર્મની
(D) સુનિલ ગાવસ્કર - ભારત

11 ગુજરાતનો કયો જિલ્લો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે ?

(A) કચ્છ
(B) જૂનાગઢ
(C) દેવભૂમિ દ્વારકા
(D) જામનગર

12 ભારતના 'માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી' કોણ છે ?

(A) આ પૈકી એક પણ નહીં
(B) શ્રી નીતીન ગડકરી
(C) શ્રી પ્રહલાદ જોશી
(D) શ્રી ધર્મેન્દ્ર પ્રધાન

13 'ફિફા' કઈ રમતનું સંચાલન કરે છે ?

(A) હોકી
(B) ફૂટબોલ
(C) બેડમિન્ટન
(D) બાસ્કેટબોલ

14 'રક' કઈ રમત સાથે સંકળાયેલ શબ્દ છે ?

(A) કેરમ
(B) બિલિયર્ડ્સ
(C) ક્રિકેટ
(D) ટેનિસ

15 ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ મુકો : 1, 9, 25, 49, ____

(A) 72
(B) 100
(C) 81
(D) 64



MaruGujarat.in

16 રાત્રી દરમ્યાન જ્યારે રોડની સાઈડમાં વાહન થોભાવો ત્યારે ..........
(A) વાહનના કાચ ખુલ્લા કરી ડ્રાઈવરે માત્ર હાથ ગાડી બહાર ઊંચો કરી બેસવું જોઈએ
(B) માત્ર ડ્રાઈવર ગાડીમાં બેઠેલો હોવો જોઈએ
(C) વાહનની પાર્કિંગ લાઈટ ચાલુ કરવી જોઈએ
(D) વાહનને લોક કરવું

17 શ્રી બળવંતરાય મહેતા ગુજરાતના ........ મુખ્યમંત્રી હતા.
(A) ચોથા
(B) ત્રીજા
(C) બીજા
(D) પ્રથમ

18 નીચેનામાંથી કયા રાજ્યની સીમા ગુજરાત રાજ્યને અડતી નથી ?
(A) છત્તીસગઢ
(B) મધ્ય પ્રદેશ
(C) મહારાષ્ટ્ર
(D) રાજસ્થાન

19 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) જમણી બાજુ સાઈડ રોડ છે
(B) ડાબી બાજુ સાઈડ રોડ છે
(C) જમણી બાજુ 'વાય' ક્રોસિંગ છે
(D) ડાબી બાજુ 'વાય' ક્રોસિંગ છે

20 'ભારતના માનચેસ્ટર' તરીકે ગુજરાતનું કયું શહેર પ્રસિદ્ધ હતું ?
(A) રાજકોટ
(B) ભાવનગર
(C) સુરત
(D) અમદાવાદ

21 ભારતના 'રક્ષામંત્રી' કોણ છે ?
(A) આ પૈકી કોઈ પણ નહીં
(B) શ્રી રામચંદ્ર પ્રસાદ
(C) શ્રી રાજનાથ સિંઘ
(D) શ્રી એસ. જયશંકર

22 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) આગળ ખાઈ છે
(B) બંને દિશામાં જવું મનાઈ છે
(C) એકમાર્ગી રસ્તો
(D) સીધા જાવ

23 ગુજરાતનો સ્થાપના દિન .......... છે.

(A) 1 ઓગસ્ટ, 1960
(B) 1 મે, 1960
(C) 1 જૂન, 1960
(D) 1 જુલાઈ, 1960

24 'વ્યષ્ટિ' શબ્દનો આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિરુદ્ધાર્થી શોધો.

(A) વિગ્રહ
(B) દોષિત
(C) સમવ્યષ્ટિ
(D) સમષ્ટિ

25 ઉકાઈ ડેમ કઈ નદી ઉપર છે ?

(A) આ પૈકી એક પણ નહીં
(B) નર્મદા
(C) મહી
(D) સરસ્વતી

26 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) આ પૈકી એક પણ નહીં
(B) આગળ દરિયા કિનારો છે
(C) હોડી સેવા છે
(D) હોડી સેવા બંધ છે

27 ગુજરાતના 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ કોને આપવામાં આવ્યું છે ?

(A) ઝવેરચંદ મેઘાણીને
(B) ઉમાશંકર જોશીને
(C) સુંદરમ્‌ને
(D) ધ્વનિલ પારેખને

28 ભારતીય કોરિયોગ્રાફર .......... વર્લ્ડ કોરિયોગ્રાફી એવોર્ડ 2020 જીતનારા પ્રથમ ભારતીય બની ગયા છે.

(A) સુરેશ મુકુંદ
(B) વૈભવી મર્ચન્ટ
(C) પ્રભુ દેવા
(D) ફરાહ ખાન

29 મહાત્મા ગાંધીજીએ કઈ શિક્ષણ સંસ્થા સ્થાપી હતી ?

(A) ગુજરાત વિદ્યાપીઠ
(B) ગુજરાત યુનિવર્સિટી
(C) લોકભારતી વિદ્યાપીઠ
(D) સંસ્કૃત યુનિવર્સિટી

30 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) આ પૈકી એક પણ નહીં
(B) આગળ હોસ્પિટલ છે
(C) નો પાર્કિંગ
(D) વાહન થોભો



MaruGujarat.in

31 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) ડાબી બાજુ વળાંક છે
(B) આગળ પુલ છે
(C) ડાબી બાજુ વળાંક નથી
(D) સાઈડ રોડ આગળથી બંધ છે

32 દિવાળીબેન ભીલનું નામ કયા સંગીત સાથે જોડવામાં આવે છે ?
(A) સુગમ સંગીત
(B) ફિલ્મી સંગીત
(C) શાસ્ત્રીય સંગીત
(D) લોકસંગીત

33 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) આ પૈકી એક પણ નહીં
(B) ઘાટ રોડ
(C) વાંકો ચૂકો રોડ
(D) ખાડા ટેકરાવાળો કે સ્પીડ બ્રેકર

34 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) વાહનમાં પશુ લઈ જવાની છૂટ છે
(B) વાહનમાં પશુ લઈ જવાની મનાઈ છે
(C) રસ્તા ઉપર પશુની શક્યતા છે
(D) પશુ માટે મનાઈ છે

35 રાષ્ટ્રિય રમત દિવસ ક્યારે ઉજવાય છે ?
(A) 21 ઓગસ્ટ
(B) 13 સપ્ટેમ્બર
(C) 29 ઓગસ્ટ
(D) 17 જુલાઈ

36 ખાનગી વાહનની નંબર પ્લેટ કેવી હોય છે ?
(A) સફેદ રંગની પ્લેટ ઉપર પીળા અક્ષર
(B) સફેદ રંગની પ્લેટ ઉપર કાળા અક્ષર
(C) પીળા રંગની પ્લેટ ઉપર કાળા અક્ષર
(D) કાળા રંગની પ્લેટ ઉપર પીળા અક્ષર



MaruGujarat.in

37 માનસી વિદ્યાર્થીઓની એક કતારમાં ઊભી છે, જો બન્ને બાજુથી ગણતાં તેનો ક્રમાંક 33 આવતો હોય તો કુલ કેટલા વિદ્યાર્થીઓ કતારમાં ઊભા હશે ?

(A) 68 | (B) 67
(C) 66 | (D) 65

38 આપેલ રૂઢિપ્રયોગનો સાચો અર્થ વિકલ્પમાંથી શોધો :
'આંખ ફાટી જવી'

(A) આ પૈકી એક પણ નહીં | (B) આંખ આગળ અંધારું છવાઈ જવું
(C) ગુસ્સે થવું | (D) ખૂબ નવાઈ પામવું

39 પ્રખ્યાત રમતવીર ધ્યાનચંદજીની શ્રેષ્ઠતા કઈ રમતમાં સિદ્ધ થયેલી હતી ?

(A) ચેસ | (B) હોકી
(C) ખોખો | (D) ક્રિકેટ

40 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) આગળ રોડ ઉપર ટેકરો છે | (B) આગળ કચરો પડેલો છે
(C) બાળકો રમે છે | (D) રસ્તા ઉપર માણસ કામ કરે છે

41 ભારતમાં 'ડ્રાઈવર્સ ડે' તરીકે કયો દિવસ મનાવવામાં આવે છે ?

(A) 17 મે | (B) 17 સપ્ટેમ્બર
(C) 17 ઓગસ્ટ | (D) 17 જુલાઈ

42 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) આગળ બંને બાજુ રસ્તા છે | (B) આગળ 'વાય' રસ્તો છે
(C) આગળ સાંકડો રસ્તો છે | (D) આગળ સાંકડું નાળું છે



MaruGujarat.in

43 ખાલી જગ્યામાં યોગ્ય વિશેષણ મૂકો :
માથે હતું .......... રાતનું પાળું.

(A) કાળ
(B) કાળી
(C) તાલી
(D) કારી

44 નેશનલ એક્સપ્રેસ વે NH-1 કયા બે સ્થળોને જોડે છે ?

(A) અમદાવાદ - વડોદરા
(B) વડોદરા - સુરત
(C) અમદાવાદ - પાલનપુર
(D) અમદાવાદ - સુરત

45 'પોતાનું વાહન ધીમું કરવાનો ઈરાદો છે' તે બતાવવા માટેની સાચી નિશાની કઈ છે ?

(A) 

(B) 

(C) 

(D) 

46 શ્રીકૃષ્ણના બાળમિત્ર સુદામા ક્યાંના વતની હતા ?

(A) રાજકોટ
(B) ભાવનગર
(C) મથુરા
(D) પોરબંદર

47 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) મોટરકાર માટે મનાઈ છે
(B) પથ્થરવાળો કાચો રસ્તો છે
(C) વાહન લપસી જાય તેવો ચીકણો રસ્તો છે
(D) વાહન નીચે પાણી છે

48 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) જમણી બાજુ પાર્કિંગ માન્ય નથી
(B) ડાબી બાજુ ઓવરટેક કરવાની મનાઈ
(C) યુ ટર્ન લેવાની મનાઈ
(D) જમણી બાજુ વળવાની મનાઈ છે

49 આપેલ વિકલ્પોમાંથી સાચી જોડણી ધરાવતો શબ્દ શોધો.

(A) નિષ્ઠા (B) નિશ્ઠા

(C) નીશ્ઠા (D) નીસ્ઠા

50 $6 + 3 \div 0.3 =$ ______

(A) 30 (B) 16

(C) 9 (D) 3

51 આપેલ વિકલ્પોમાંથી સાચી જોડણી શોધો.

(A) અભિવક્તિ (B) અભિવ્યક્તી

(C) આભીવ્યક્તિ (D) અભિવ્યક્તિ

52 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) સામે જમણી બાજુ રસ્તો નથી (B) ડાબી બાજુથી ઓવર ટેકિંગ મનાઈ છે

(C) જમણી બાજુ વળવાની મનાઈ છે (D) યુ ટર્ન મનાઈ છે

53 'કાર'ની શોધખોળ કરનાર તરીકે સામાન્ય રીતે કોણ સ્વીકાર્ય છે ?

(A) કાર્લ માર્ક્સ (B) કાર્લ ડક

(C) કાર્લ બેન્ઝ (D) કાર્લ જોન્સ

54 સત્યાગ્રહ આશ્રમને સને ..........ની સાલમાં સાબરમતી નદીના કિનારે સ્થળાંતર કરવામાં આવેલો જે 'સાબરમતી આશ્રમ' તરીકે ઓળખાય છે.

(A) 1920 (B) 1919

(C) 1918 (D) 1917

55 'ઘોડા'નું 'ઢોડા' અને 'પંદર'નું 'પંડર' કઈ બોલીનું ઉચ્ચારણ છે ?

(A) પટ્ટણી (B) ચરોતરી

(C) સુરતી (D) કાઠિયાવાડી

56 'મોડાસા' કયા જિલ્લાનું મુખ્ય મથક છે ?

(A) બનાસકાંઠા (B) સાબરકાંઠા

(C) અરવલ્લી (D) મહેસાણા



Scanned with CamScanner

57 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) આગળ પાણીની સુવિધા છે
(B) જમણે અને ડાબે વળવું નહીં
(C) વાંકો ચૂકો રસ્તો
(D) આગળ જમણે અને ડાબે રોડ છે

58 જ્યાં રસ્તો લપસણો છે તેવી નિશાની દેખાય ત્યારે ડ્રાઈવર ..........

(A) આ પૈકી એક પણ નહીં
(B) એ ગતિએ જ આગળ વધશે
(C) બ્રેક લગાવશે
(D) ગિયર બદલીને ગતિ ધીમી કરશે

59 સો રૂપિયાના વેપારમાં 6 ટકા નફો થાય તો 400 રૂપિયાના વેપારમાં કેટલા ટકા નફો થશે ?

(A) 16 ટકા
(B) 6 ટકા
(C) 12 ટકા
(D) 24 ટકા

60 'આગળ સ્કૂલ છે' માટેની સાચી નિશાની કઈ છે ?

(A) 

(B) 

(C) 

(D) 

61 ગુજરાતમાં 'નવનિર્માણ' આંદોલન વખતે ........ મુખ્યમંત્રી હતા.

(A) શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ
(B) શ્રી ચીમનભાઈ પટેલ
(C) શ્રી છબીલદાસ મહેતા
(D) શ્રી કેશુભાઈ પટેલ

62 ભારતના કેન્દ્રીય નાણાપ્રધાન હાલ ............ છે.

(A) આ પૈકી એક પણ નહીં
(B) શ્રીમતી સ્મૃતી ઈરાની
(C) શ્રીમતી નિર્મલા સીતારામન
(D) શ્રીમતી અનુપ્રિયા પટેલ



Scanned with CamScanner

63 વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) સંગઠને ભારતમાં સૌપ્રથમ વખત ઓળખી કાઢવામાં આવેલા B.1.617.2 વાઈરસના વેરિઅન્ટને .......... નામ આપ્યું છે.

(A) ગામા
(B) બીટા
(C) ડેલ્ટા
(D) આલ્ફા

64 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) ડાબી બાજુ વળાંક લઈ આગળ વધો
(B) જમણી બાજુ વળાંક લઈ આગળ વધો
(C) વાંકો ચૂકો રસ્તો ડાબી બાજુ
(D) વાંકો ચૂકો રસ્તો જમણી બાજુ

65 'અભિજાત' શબ્દનો આપેલ વિકલ્પોમાંથી યોગ્ય સમાનાર્થી શોધો.

(A) ઝમકદાર
(B) તડિત
(C) ભયાનક
(D) ખાનદાન

66 ભારતીય અર્થશાસ્ત્રી અને નોબલ પારિતોષિક વિજેતા ........... એ સામાજિક વિજ્ઞાનની કેટેગરી હેઠળ સ્પેનનો અત્યંત પ્રતિષ્ઠિત પુરસ્કાર 'પ્રિન્સેસ ઓફ એસ્ટોરિસ (Asturias) એવોર્ડ 2021' જીતી લીધો છે.

(A) અમિત મિત્રા
(B) અભિજિત બેનર્જી
(C) અમર્ત્ય સેન
(D) અરવિંદ પાનગરિયા

67 કઈ સંખ્યા સૌથી મોટી છે ?

(A) –1
(B) –7
(C) –13
(D) –16

68 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) આગળ પુલ ઉપર ટ્રાફિક છે
(B) બંને દિશામાં જવું મનાઈ છે
(C) એકમાર્ગી રસ્તો
(D) સીધા જાવ

69 'જેનું નામ લેવું પવિત્ર છે તે' - શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો.

(A) પુણ્ય
(B) પુણ્યતિથિ
(C) પુણ્યશ્લોક
(D) પુણ્યલોક



Scanned with CamScanner

70 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) હોડી સેવા છે
(B) ભયજનક સૂપડી છે
(C) આગળ સાંકડો રસ્તો છે
(D) આગળ ખાડા વાળો સાંકડો રસ્તો છે

71 ............ ગુજરાતનો 'સુવર્ણ યુગ' તરીકે ઓળખાય છે.
(A) આ પૈકી એક પણ નહીં
(B) મૌર્ય યુગ
(C) સોલંકી યુગ
(D) નંદ યુગ

72 આપેલ વિકલ્પોમાંથી સાચી જોડણી શોધો.
(A) પુનર્જીર્વિત
(B) પુનર્જીવિત
(C) પુનર્જીવીત
(D) પુનર્જીવિત

73 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) ફરજિયાત જમણી બાજુ વળવું
(B) આગળ ડેડ એન્ડ છે
(C) આગળ જમણી બાજુ રસ્તો છે
(D) પાછળ જમણી બાજુ રસ્તો છે

74 સામેથી આવતા વાહનને તમારી કઈ સાઈડથી પસાર થવા દેશો ?
(A) જે તરફ ઓછો ટ્રાફિક દેખાય તે બાજુથી
(B) સાઈડ પર ઊભા રહી જઈને કોઈ પણ બાજુથી
(C) ડાબી બાજુથી
(D) જમણી બાજુથી

75 પૂજ્ય શ્રી મોટાનું બાળપણનું નામ શું હતું ?
(A) શ્યામભાઈ ભાવસાર
(B) ચુનિલાલ ભાવસાર
(C) ચીનુભાઈ ભગત
(D) શ્યામલાલ ભગત

76 તારંગા પર્વત કયા જિલ્લામાં આવેલો છે ?
(A) ભરૂચ
(B) સાબરકાંઠા
(C) મહેસાણા
(D) અરવલ્લી



Scanned with CamScanner

77 પાટણમાં આવેલી 'રાણકી વાવ' ........ એ બંધાવી હતી.
(A) તારામતી
(B) ચૌલાદેવી
(C) ઉદયમતી
(D) રાણકદેવી

78 ગુજરાતમાં શાસ્ત્રીય સંગીતના ક્ષેત્રમાં કઈ બે બહેનોનું પ્રદાન ઘણું મોટું છે ?
(A) આ પૈકી એક પણ નહીં
(B) અનસૂયા-મીરાં
(C) તાના-રીરી
(D) ઈલાબેન-કુમુદીની લાખિયા

79 'ગૌરવ' શબ્દનો આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિરુદ્ધાર્થી શોધો.
(A) સંયોગ
(B) લાઘવ
(C) મલિન
(D) અસ્ત

80 નીચેની સંજ્ઞા શું બતાવે છે ?



(A) નો એન્ટ્રી
(B) આગળ ટ્રાફિક આઈલેન્ડ છે
(C) રસ્તો કાપવો નહીં
(D) હોસ્પિટલ છે

81 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) ડાબી બાજુ ડેડ એન્ડ છે
(B) ડાબી બાજુ વળવાની મનાઈ છે
(C) ડાબી બાજુ વળાંક લેવો
(D) જમણી બાજુ ઓવરટેક કરવાની મનાઈ છે

82 કઈ રમતના ખેલાડીઓને 'સ્પાઈકર્સ' કહેવામાં આવે છે ?
(A) હોકી
(B) હેન્ડબોલ
(C) ફૂટબોલ
(D) વોલીબોલ

83 નીચે મુજબની નિશાની શું બતાવે છે ?



(A) આ પૈકી એક પણ નહીં
(B) રાહદારી માટેનો ઝોન છે
(C) વિદ્યાર્થી માટે મનાઈ છે
(D) રાહદારી માટે મનાઈ છે



Scanned with CamScanner

84 ભારતમાં શિક્ષક દિન કઈ તારીખે મનાવવામાં આવે છે ?
(A) 5 સપ્ટેમ્બર
(B) 5 ડિસેમ્બર
(C) 1 નવેમ્બર
(D) 1 સપ્ટેમ્બર

85 ભગવદ્ગોમંડલની રચના કરાવનાર ભગવતસિંહજી મહારાજ કયા રાજ્યના રાજવી હતા ?
(A) રાજકોટ
(B) ગોંડલ
(C) ભાવનગર
(D) પાટણ

86 સરદાર વલ્લભભાઈ પટેલની 143મી જન્મ જયંતીના અવસરે લોકાર્પણ કરવામાં આવેલ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની પ્રતિમાના ડિઝાઈનર કોણ હતા ?
(A) શ્રી રામ વનજી સુતાર
(B) શ્રી અનિષ કપૂર
(C) શ્રી દશરથ પટેલ
(D) શ્રી સતીષ ગુજરાલ

87 ગુજરાતમાં 'બારડોલી સત્યાગ્રહ' સાથે કોનું નામ જોડાયેલું છે ?
(A) શ્રી શામળદાસ ગાંધી
(B) શ્રી સરદાર પટેલ
(C) શ્રી અમરસિંહભાઈ ચૌધરી
(D) શ્રી મોરારજીભાઈ દેસાઈ

88 તમે એવા ચાર રસ્તા ઉપર પહોંચો છો જ્યાં સિગ્નલ લાઈટ કે પોલીસમેન નથી. તમે શું કરશો ?
(A) મારી જમણી તરફથી ચાર રસ્તા ઉપર આવતા ટ્રાફિકને રસ્તો આપીને આગળ વધીશ
(B) બીજા બધા જ વાહનોને ઊભા રાખી આગળ જઈશ
(C) યોગ્ય સિગ્નલ આપી હોર્ન વગાડી આગળ વધીશ
(D) અન્ય રોડ ઉપરથી ચાર રસ્તા તરફ આવતા દરેક વાહનને જવા દઈશ

89 ગુજરાતનો સૌથી પ્રાચીન પુલ - 'હોપ પુલ' કઈ નદી પર બાંધવામાં આવેલો છે ?
(A) મહી
(B) સાબરમતી
(C) તાપી
(D) નર્મદા

90 જો x ના 10% ના 10% = 10 હોય તો xની કિંમત શોધો.
(A) 500
(B) 10000
(C) 1000
(D) 100

91 ખૂટતી શ્રેણી પૂરી કરો : 49, 64, 81, 100, 121, ____
(A) 144
(B) 153
(C) 151
(D) 169

92 ગુજરાતનો પ્રથમ સત્યાગ્રહ કયો છે ?
(A) દક્ષિણ ગુજરાત સત્યાગ્રહ
(B) બારડોલી સત્યાગ્રહ
(C) ખેડા સત્યાગ્રહ
(D) ભારત છોડો આંદોલન



Scanned with CamScanner

93 સ્મિતાની ઓળખ આપતાં સુકેશે કહ્યું : 'તેણી મારી માતાના એક માત્ર ભાઈના એક માત્ર ભાણેજની પત્ની છે.' તો સ્મિતાનો સુકેશ સાથે શો સંબંધ થાય ?

(A) વિગત અપૂરી છે
(B) સાળી
(C) પત્ની
(D) બહેન

94 ભારતના ક્યા મહાન દોડવીર તેમજ પદ્મશ્રીનું 91 વર્ષની વયે ચંદીગઢમાં નિધન થયું છે ?

(A) બિશનસિંઘ
(B) રઘુબીરસિંઘ
(C) ડિકોસિંઘ
(D) મિલ્ખાસિંઘ

95 ગુજરાતમાં સમ્રાટ અશોકનો શિલાલેખ ક્યાં આવેલો છે ?

(A) જામનગરમાં
(B) પાટણમાં
(C) ભાવનગરમાં
(D) ગિરનારની તળેટીમાં

96 કઈ બોલીમાં આદિમ વાણીની અસરો જોવા મળે છે ?

(A) પટ્ટણી
(B) ચરોતરી
(C) સુરતી
(D) કાઠિયાવાડી

97 'જય જય ગરવી ગુજરાત'ના રચયિતા કવિ કોણ હતા ?

(A) નર્મદ
(B) ઝવેરચંદ મેઘાણી
(C) દલપતરામ
(D) નરસિંહ મહેતા

98 અભયઘાટ કોની સમાધિ છે ?

(A) શ્રી મોરારજીભાઈ દેસાઈ
(B) શ્રી લાલબહાદુર શાસ્ત્રી
(C) શ્રી રાજીવ ગાંધી
(D) શ્રીમતી ઇન્દિરા ગાંધી

99 'સાપ' શબ્દનો આપેલ વિકલ્પોમાંથી યોગ્ય સમાનાર્થી શોધો.

(A) ઝાંઝ
(B) હય
(C) અહિ
(D) તોખાર

100 'રાઈડર કપ' કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) ગોલ્ફ
(B) હોકી
(C) પોલો
(D) કબડ્ડી



Scanned with CamScanner